## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હેલ્મેટ પહેરવાનું ચાલુ રાખજો જ... એક વખત દંડ ભર્યો છે અને હવે થોડા દિવસમાં પહેરવાનું ભુલી જશો એટલે ઓલાઓ ડબલ દંડ ફટકારવાના...**

# સે. ૨૫માં હોસ્ટેલો સામેની કાર્યવાહી રાજકીય કિન્નાખોરી : કોંગ્રેસ

### સે. ૨૫ના રહીશોએ કમિશનર, મેયર સહિતના અધિકારીઓને મળી રજુઆત કરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા રહેઠાણ વિસ્તારમાં ચાલતી ગેરકાયદે હોસ્ટેલો સામે હાથ ધરાયેલી કાર્યવાહી રાજકીય કિન્નાખોરીથી કરાયેલી કાર્યવાહી હોવાનો ગંભીર આક્ષેપ આજે કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે કમિશનરને લખેલા પત્રમાં કર્યો છે.

સે. ૨૫ના કેટલાક વસાહતી આગેવાનો સાથે આજે તેમણે આ બાબતે કમિશનરને લેખિત રજુઆત કરવા ઉપરાંત સ્પષ્ટ ચીમકી પણ આપી છે કે ૧ માસમાં જો અન્ય સેક્ટરોમાં આવી કાર્યવાહી ખાસ કરીને ૧,૨,૫,૬,૭,૮ માં નહિ થાય તો અમારે ના છૂટકે આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

આ આગેવાનોએ આજે નાયબ મ્યુનિ. કમિશનરને પણ મળી રજુઆત કરી હતી અને કહ્યુ હતુ કે તંત્ર પગલાં લે તો સૌને સરખો કાયદો લાગુ પડવો જોઈએ.

આ રહીશોએ મેયર રીટાબેન પટેલને પણ મળી આવેદન પત્ર આપી નિષ્પક્ષ પગલાંની માંગ કરી છે.

રહીશો દ્વારા નિષ્પક્ષ પગલાંની વાત રજુ થતાં તંત્ર પણ હવે વિમાસણમાં પડી ગયુ છે. જોકે મળતી વિગતો પ્રમાણે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિમાં મનપા કાર્યવાહી કરી રહેલ છે તેવુ ચિત્ર બતાવવામાં સફળ થાય તે માટે માત્ર બે સેક્ટરો પુરતી કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું લોકોમાં પણ ચર્ચાવા લાગ્યુ છે.

તંત્રએ આજે ગેરકાયદે હોસ્ટેલોના મુદ્દે રાજ્ય સરકારનું માર્ગદર્શન માગ્યુ હોવાનું જાણવા મળેલ છે. બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગર નોલેજ કોરીડોર છે અને અહિ વિદ્યાર્થીઓના વસવાટની કોઈ નક્કર વ્યવસ્થાનો અભાવ છે તેને લઈ હવે સરકારનું માર્ગદર્શન મેળવવાનું નાટક કરી પડદો પાડવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# સરકારના ઈ-સ્ટેમ્પિંગના મનસ્વી નિર્ણય સામે જિલ્લા સ્ટેમ્પ વેન્ડર્સમાં આક્રોશ

### જિલ્લાના સ્ટેમ્પ વેન્ડરોની રોજગારી છીનવાઈ ગયા હોવાના આક્ષેપ સાથે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા ઈ-સ્ટેમ્પીંગના અમલીકરણનો નિર્ણય લઈને રાજ્યભરના સ્ટેમ્પ વેન્ડરો જેઓ આ સ્ટેમ્પ વેન્ડિંગ દ્વારા પોતાના કુટુંબનું ગુજરાત ચલાવતા હતા તેમની રોજી-રોટી છીનવી એસોસિએશન દ્વારા જિલ્લાના સ્ટેમ્પ વેન્ડરોની રોજી-રોટી છીનવાઈ જવાના આક્ષેપ સાથે સ્ટેમ્પ વેન્ડરોને ઈ-સ્ટેમ્પીંગનું કાર્ય કરવા માટે સરકાર દ્વારા પુરતી માળખાકીય સુવિધા જેવા કે ઓફિસ લાઈટ વગેરે પુરા પાડ્યાં વગર લેવાયેલો નિર્ણય ગેરવાજબી ગણાવાયો



લેવાનું કામ કર્યુ છે. રાજ્ય સરકારના આ નિર્ણયને પગલે ગાંધીનગર જિલ્લા સ્ટેમ્પ વેન્ડર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને મળીને આવેદનપત્ર આપી વિરોધ પ્રગટ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા સ્ટેમ્પ વેન્ડર એસોસિએશન દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં રાજ્ય સરકારના ઈ-સ્ટેમ્પીંગના નિર્ણયને એકહથ્થુ રાજાશાહી યુક્ત અને પોતાના અંગત સ્વાર્થ માટે વહીવટ કરતી સરકારના એકતરફી નિર્ણય ગણાવવામાં આવ્યો છે. આવેદનપત્રમાં છે. આ સાથે ઈસ્ટેમ્પિંગમાં સ્ટેમ્પ વેન્ડિંગમાં વધુ સમય વેડફાયો હોવાનું જણાવતા વેન્ડરોને સીધા મળતા ૩ ટકા કમિશનને બદલે સરકારે કરાર કરેલ ખાનગી કંપની પાસેથી કમિશન મેળવવાનુ રહેશે જેમાં શોષણ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વળી, અશિક્ષિત નાગરિકો માટે ઈ-સ્ટમ્પિંગ કાર્ય મુશ્કેલભર્યુ તથા જોખની બની શકે છે તેવુ જણાવતા ઈ-સ્ટેમ્પિંગ પેપરનું આયુષ્ય પણ ઓછુ હોવાનું જણાવવામાં આવ્યુ છે તેવુ જણાવતા સરકારના નિર્ણયને ગેરવ્યાજબી ગણાવી ફેર વિચારણા કરવા માંગ કરી છે.

# અદાણી ફાઉન્ડેશને સચિવાલયમાં સુપોષણ પ્રોજેક્ટ રજૂ કર્યો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સરકારે ૧૮ સપ્ટેમ્બરના રોજ સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે મનાવવા સચિવાલય, ગાંધીનગર ખાતે એક સમારંભનું આયોજન કર્યું હતું. અદાણી ફાઉન્ડેશને તેમના દ્વારા અમલમાં મુકાયેલ અદાણી વિલ્મરના પ્રોજેક્ટ સુપોષણમાં કરેલી કામગીરી અંગે સમારંભમાં રજૂઆત કરી હતી. તેમણે ખાસ કરીને નર્મદા જીલ્લામાં હાથ ધરેલા પ્રયાસો અંગે ફિલ્મ મારફતે રજૂઆત કરી હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીએ સુપોષણ રેસિપી બુક (RELEASE) કરીહતી.

નર્મદા જીલ્લાની સુપોષણ સંગીનીઓએ તેમની ધગશ, નિષ્ઠા અને સખત પરિશ્રમ વડે બાળકો અને મહિલાઓમાં કુપોષણનુ અને પાંડુરોગ (એનિમિયા)નુ વિષચક્ર તોડવા અંગેની તેમની કામગીરી અંગે વાત કરી હતી.

''કુપોષણ અને એનિમિયાનુ વિષચક્ર તોડવા માટે સમુદાયના સભ્યોની સક્રિય સામેલગીરી જરૂરી છે. સુપોષણ સંગીનીઓ કહે છે અમને સમુદાયમાંથી સહાય મળે છે જે તંદુરસ્ત ભારતનુ નિર્માણ કરવાની કામગીરીને આગળ ધપાવે છે.'' તેમ સ્ટ્રેટીજી અને સસ્ટેઈનેબિલીટી ડિરેક્ટર કુ. સુષમા ઓઝાએ જણાવ્યું હતું.




અદાણી ફાઉન્ડેશન નર્મદા જીલ્લામાં અદાણી વિલ્મારના સુપોષણ પ્રોજેકટનો અમલ કરે છે. ૫૬૯ ગામોના ૫,૯૦,૨૯૭ લોકો તંદુરસ્ત જીવન જીવી શકે તે માટે યોગ્ય માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવામાં આવે છે. આ પ્રોજેકટના સંચાલનમાં સંગીનીઓ મહત્વની ભૂમિકા બજાવે છે. આ પ્રોજેક્ટ કુલ ૧૯૬ સુપોષણ સંગીનીઓને પણ આવરી લે છે. સમુદાયના સ્તરે આ જીલ્લામાં સુપોષણ સંગીનીઓ પ્રોજેકટની માર્ગદર્શક અને સહાયક બનીને પરિવારોને માળખાગત સહયોગ પૂરો પાડે છે. નર્મદા જીલ્લામાં ડીસેમ્બર ૨૦૧૮માં આ પ્રોજેક્ટ શરૂ થયો ત્યારથી આ પ્રોજેકટ ૩,૦૦૦ બાળકોને કુપોષણમાંથી બહાર લાવી તંદુરસ્ત બનાવ્યાં છે.

અદાણી વિલ્મર લિમિટેડના હેડ, માર્કેટીંગ અજય મોટવાણી જણાવે છે કે 'હાઉસ ઓફ અદાણી વિલ્મરનુ ફોર્ચ્યુન બાળકો, કિશોર કન્યાઓ, સગર્ભા અને બાળકોને દૂધ આપતી મહિલાઓની કુપોષણની સ્થિતિ નિવારવામાં ગુજરાત સરકારનુ વિશેષ સહયોગી છે. અમે હૃદય અને ઉદ્દેશ ધરાવતી બ્રાન્ડ છીએ. અમારા ચેરમેનના તંદુરસ્ત અને વિકાસમાન રાષ્ટ્ર માટે સહયોગ આપવાના વિઝન માટેનો અમારો આ નાનકડો પ્રયાસ છે. અમારી પ્રોડકટસ ભરપેટ પોષણ પૂરૂ પાડે છે, કારણ કે અમારા ખાદ્યતેલોમાં વિટામીન ઉમેરેલુ હોય છે. આથી કુપોષણની સ્થિતિ હલ કરવી તે અમારી કામગીરીનુ તાર્કિક વિસ્તરણ છે.'

અદાણી ફાઉન્ડેશને જૂન-૨૦૧૮માં નર્મદા જિલ્લામાં પ્રોજેકટ સુપોષણ શરૂ કરવા ગુજરાત સરકાર સાથે સમજૂતિના કરાર કર્યા હતા. સુપોષણ એ સમુદાય આધારિત કુપોષણ અને પાંડુરોગની સંભાળ લેતો પ્રોજેકટ છે. તે બાળકોમાં કિશોર વયની કન્યાઓ અને સગર્ભા/બાળકોને દૂધ આપતી તેમજ ગર્ભ ધારણની વય ધરાવતી ધરાવતી મહિલાઓમાં કુપોષણ અને લોહીની ઉણપની હાલત સુધારે છે અને બાળમૃત્યુનો દર અથવા તો જન્મ વખતે મૃત્યુના દરમાં ઘટાડો કરવાના સરકારના પ્રયાસોમાં સહાયક બને છે. આ કામગીરી ખાસ કરીને સમુદાયના સ્તરે સાધનો ઉભાં કરીને કરવામાં આવે છે અને ખાસ કરીને સંગીનીઓ સહાયક તરીકે તમામ લાભાર્થીઓ વચ્ચે અંતર નિવારવા પ્રયાસ કરે છે અને સમુદાયને વિવિધ સાધનોથી માહિતગાર કરે છે.

# મહાત્મા મંદિરમાં ત્રિ-દિવસીય આઈસક્રીમ એક્સ્પોનો પ્રારંભ

### દેશના અંદાજિત ૧૯,૫૦૦ કરોડના આઈસક્રીમ ઉદ્યોગમાં ૧૮ ટકા જી.એસ.ટી.ને ૫ ટકાના સ્લેબમાં સમાવવા પણ રજૂઆત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આજથી ત્રિદિવસીય આઈસક્રીમ એક્સ્પો-૨૦૧૯નો પ્રારંભ થયો હતો. આ એક્સ્પોમાં અંદાજિત ૨૦૦ પ્રદર્શકોએ ભાગ લીધો છે. વિવિધ કંપનીઓ દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ છે. ભારતીય આઈસક્રીમ ઉદ્યોગ અંદાજિત ૧૯,૫૦૦ કરોડનો છે ત્યારે આઈસક્રીમમાં જીએસટી લાદવાના બદલે અન્ય ડેરી અને ફુડ પ્રોડજક્ટસને ક્ષમકક્ષ ૫ ટકા જી.એસ.ટી. સ્લેબમાં સામેલ કરવા પણ સરકારને રજૂઆત કરી છે.

આઈઆઈસીએમએએ સરકારને આઈસક્રીમ પર હાલ ૧૮ ટકા જીએસટી લાદવાને બદલે અન્ય ડેરી અને ફૂડ પ્રોડક્ટ્સને સમકક્ષ ૫ ટકા જીએસટી સ્લેબમાં સામેલ કરવા વિનંતી કરી છે. ડેરી ઉદ્યોગ ઘણું સરપ્લસ ધરાવે છે, જીએસટીનાં દરમાં ઘટાડો થવાથી ખેડૂતને જ લાભ થશે. આ ઉદ્યોગ ખેડૂતોનાં લાભ માટે વિચારણાને લાયક છે, જેઓ ડેરી ઉત્પાદનોનું વેચાણ કરી શકતાં નથી.

ગુજરાતનાં ગાંધીનગરમાં સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત ત્રણ દિવસની ઈવેન્ટ 'આઈસ-ક્રીમ એક્ષ્પો-૨૦૧૯' ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૯ને ગુરુવારથી શરૂ થયો છે, જેનું આયોજન આઈ આઈ સી એમ એએ કર્યુ છે. દર વર્ષની જેમ આઈસ ક્રીમ એક્ષ્પો ૨૦૧૯માં વધુ એક નવીન પાસું જોવા મળશે, જેમાં એકમંચ પર તમામ આઈસક્રીમ ઉત્પાદકો અને આનુષંગિક ઉદ્યોગ આવશે. એક્ષ્પોમાં ૨૦૦ પ્રદર્શકો સામેલ થયા છે. અને પ્રસિદ્ધ કંપનીઓએ તેમની ડિજિટલ હાજરીને ધ્યાનમાં રાખીને વિસ્તૃત વર્કશોપનું આયોજન કર્યુ છે.

# MSMEને વધુ મોટી રાહત આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર, તા.૧૯

રાજ્ય સરકારે ગ્રીન–ક્લિન એનર્જી ઉત્પાદનને વેગ આપવા સાથે એમએસએમઈ એકમોને પણ સૌર ઊર્જા ઉત્પાદનનો વ્યાપક લાભ મેળવી શકે તેવો મહત્વલક્ષી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી રૂપાણીએ આ નિર્ણયની જાહેરાત ઊર્જામંત્રી સૌરભ પટેલની ઉપસ્થિતિમાં કરી હતી. આ અંગે ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, સૌર ઊર્જા ઉત્પાદનમાં એમએસએમઈ એકમોને વધુ રાહત આપતા રાજ્ય સરકારના આ નિર્ણય મુજબ અગાઉ સોલાર પ્રોજેક્ટના ઈન્સ્ટોલેશન માટે મંજૂર લોડના ૫૦ ટકા કેપેસિટીની નિયત કરાયેલી મર્યાદા દૂર કરી દેવામાં આવી છે. હવે, એમએસએમઈ એકમો મંજૂર થયેલા લોડના ૧૦૦ ટકાથી વધારે ક્ષમતાની સોલાર એનર્જી સીસ્ટમ સ્થાપિત કરી શકશે. જો એમએસએમઈ એકમો પોતાના સ્વવપરાશ બાદની વધારાની સૌરઊર્જા ગ્રીડમાં આપશે તો રાજ્ય સરકારની વીજ કંપની અંદાજે રૂ. ૧.૭૫ પ્રતિ યુનિટના ભાવે ખરીદશે. આ સમગ્ર મામલે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, મંદી એક હવા છે અને એક પણ એમએસએમઈ એકમ બંધ થયું નથી. રાજ્ય સરકારે સૌર ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા ૨૦૧૫માં સોલાર પોલિસી જાહેર કરી હતી. જેનો વ્યાપ વધારીને તેમજ સમયાનુકુલ જરૂરી બદલાવ સાથે એમએસએમઈ એકમોને પણ સોલાર એનર્જી ઉત્પાદન માટે પ્રેરિત કરવા આ પોલિસી અંતર્ગત વિશેષ છૂટાછટ આપવાનું રાજ્ય સરકારે નિર્ધારીત કર્યું છે. ઊર્જા મંત્રીએ વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે એમએસએમઈ એકમો હાલ વીજ વપરાશ માટે વીજ કંપનીને રૂ.૮ જેટલી રકમ આપે છે તે આવી સોલાર એનર્જીના ઉત્પાદનથી ઘટી જતાં અંદાજે ૩ રૂપિયા જેટલો એમએસએમઈ એકમોને આર્થિક ફાયદો પણ થવાનો છે. એટલે કે જે એમએસએમઈ એકમો પોતાની જગ્યા કે જમીન પર સોલાર એનર્જી ઉત્પાદન કરે તો અંદાજે ૩.૮૦ રૂપિયા અને ભાડાની અન્યત્ર જગ્યા પર કરે તો અંદાજે ૨.૭૫ જેટલો ફાયદો થશે. ઊર્જા મંત્રી સૌરભ પટેલ મુજબ, આ નિર્ણયની વિશેષતા એ છે કે એમએસએમઈ એકમ અન્ય પાર્ટી પાસેથી એટલે કે થર્ડ પાર્ટી પાસેથી પણ સોલાર એનર્જી–સૂર્યઊર્જા ખરીદી શકશે.

### છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી એલસીબીએ પકડી પાડ્યો

પેથાપુર પોલીસ મથકમાં નોંધાયેલા ભેંસ ચોરીના ત્રણ ગુનામાં ત્રણ વર્ષથી ફરાર આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે દબોચી લીધો છે. એલસીબી પીઆઈ નિરજ પટેલની ટીમને વર્ષ ૨૦૧૭ થી નાસતા ફરતા આરોપીની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ચિલોડા હિંમતનગર હાઈ વે પર આવેલી આગમન હોટલ પાસેથી આરોપી પિન્ટુ ઉર્ફે દેવશી ઠાકોર (રહે.ચંદ્રાલા)ને પકડી પાડ્યો હતો. પેથાપુર પોલીસ મથકમાં આરોપી સામે ભેંસ ચોરીના ત્રણ ગુના નોંધાયેલા છે.જેમાં વર્ષ ૨૦૧૭માં એક અને વર્ષ ૨૦૧૮માં બે ગુના નોંધાયેલા છે. આ ત્રણેય ગુનામાં વોન્ટેડ આરોપીને એલસીબીએ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રેમિકાના પતિને મોતને ઘાટ ઉતારવાના કેસમાં આરોપીને આજીવન કેદ

ગાંધીનગર તા ૧૯

માણસામાં પ્રેમિકાના પતિને મોતને ઘાટ ઉતારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આ કેસના આરોપી રણજીતસિંહ ઉર્ફે મેજર ભીખાજી ઠાકોર તેમજ રસિકજી મંગાજી ઠાકોર સામે હત્યાનો ગુન્હો નોંધાયો હતો. રાવળવાસમાં રહેતા વિષ્ણુભાઈ કચરાભાઈ રાવળની પત્ની સાથે આરોપીને સંબંધ હતા. જેના લીધે મૃતકે પત્નીને રણજીતસિંહ સાથે બોલવાની ના પાડી હતી. જયારે પ્રેમસંબંધમાં કાંટારૂપ લાગતા બન્ને આરોપીઓએ વર્ષ ૨૦૦૯ના સપ્ટેમ્બર મહીના દરમિયાન કાવતરૂ રચ્યુ હતુ.

આરોપીઓએ વિષ્ણુભાઈને કારમાં બેસાડી મહેસાણા, પ્રાંતિજ ફેરવીને માણસા લાવીને હત્યા કરી હતી. આરોપીઓએ ટેસ્ટરથી ગળાના ભાગે જુદી જુદી જગ્યાએ ઘા મારીને તેમના મૃતદેહને લાકરોડા ગામની સીમમાં ફેંકી દીધી હતી. આ કેસ ગાંધીનગરની ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી ડી વ્યાસે દલીલો કરી હતી જે દલીલો તેમજ પુરાવાઓનો ધ્યાને લઈ જજ એસ એન સોલંકીએ આરોપી રણજીતજી ઉર્ફે મેજર ભીખાજી ઠાકોરને આજીવન કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

# બુલેટ ટ્રેન માટે જમીન સંપાદનને આખરે હાઈકોર્ટની લીલીઝંડી

### હાલ માર્કેટમાં ચાલી રહેલા ભાવ મુજબ વળતર આપવા માટે ખેડૂતોની ઉગ્ર માંગ : નારાજ ખેડૂતો હાઇકોર્ટના ચુકાદાને સુપ્રીમમાં પડકારવા માટે સુસજ્જ

ગાંધીનગર, તા.૧૯

મહત્વાકાંક્ષી અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે થયેલા જમીન સંપાદનને ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના ચુકાદા મારફતે લીલીઝંડી આપી દીધી છે. હાઈકોર્ટે ખેડૂતો દ્વારા કરવામાં આવેલી ચાર ગણું વળતર આપવાની માંગણી ફગાવી દીધી હતી. હાઈકોર્ટના જસ્ટિસ અનંત દવે અને બિરેન વૈષ્ણવની ખંડપીઠે આ કેસમાં પોતાનો ચુકાદો જાહેર કરી ખેડૂતો તરફથી કરાયેલી જુદી જુદી રિટ અરજીઓ ફગાવી દઈ સરકારના જમીન સંપાદનને યોગ્ય ગણાવ્યું હતું. જો કે, ખેડૂતોની જમીનનું ચાર ગણું વળતર ચૂકવવાની ખેડૂતોની દાદ હાઈકોર્ટે ફગાવી હતી અને સમગ્ર વળતરનો મુદ્દો હાઈકોર્ટે ખુલ્લો રાખ્યો હતો. હાઈકોર્ટે વળતર મુદ્દે સરકારમાં રજૂઆત કરવા અને અન્ય કાનૂની વિકલ્પની સ્વતંત્રતા ખેડૂતોને આપી હતી. હાઈકોર્ટે આંતરરાજ્ય પ્રોજેકટ હોવા છતાં પણ કેન્દ્ર સરકારને ઓથોરિટી ગણાવી હતી. બીજીબાજુ, ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાથી નારાજ ખેડૂતો દ્વારા આ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકારવામાં આવશે.

સુરત સહિતના વિવિધ પંથકોના અસરગ્રસ્ત અરજદાર ખેડૂતો તરફથી અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, તેમની જમીનો એ માત્ર જમીન નહી પરંતુ તેમની જીવાદોરી છે અને બુલેટ ટ્રેનના પ્રોજેકટ માટે તેમની જમીન સંપાદન કરાઈ રહી છે પરંતુ તેમાં વળતરના મુદ્દે સરકાર અન્યાયી વલણ અખત્યાર કરી રહી છે. વળતરની રકમ ૨૦૧૧ નક્કી કરેલા જંત્રી મુજબ નહી પણ હાલ માર્કેટમાં ચાલી રહેલા જે તે વિસ્તારની જમીનના ભાવ પ્રમાણે હોવી જોઈએ. તેમજ વળતરની રકમ કેન્દ્ર સરકારના જમીન સંપાદન કાયદા મુજબ ચૂકવવામાં આવે ગુજરાત રાજ્ય સરકારના જમીન સંપાદન કાયદા મુજબ નહીં.આમ હાઈકોર્ટના આ ચુકાદાને કારણે ખેડૂતોને બજાર કિંમત કરતા ઓછી રકમનું વળતર ચૂકવાય તેવી સ્થિતિ બની છે અને તેથી જ ખેડૂતોમાં થોડા નિરાશાની લાગણી પણ ફેલાઈ છે.



એન એચ આર સી એલ(નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ.)ના ડાયરેકટર મુજબ, ટ્રેનના રૂટ માટે ગુજરાતના ૫૩૦૦થી વધુ પ્લોટની જમીન સંપાદીત કરવામાં આવશે, જેમાં ૨૬૦૦ જેટલા પ્લોટ એટલે કે અડધી જમીન સંપાદિત થઈ ગઈ છે. બાકીની જમીન માટે કામગીરી ચાલુ છે. બુલેટ ટ્રેનનો સમગ્ર પ્રોજેકટ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થઈ જશે.

સાબરમતીથી મુંબઈ સુધીનું અંદાજીત ભાડું રૂ.૩૦૦૦ જેટલું હોઈ શકે છે. સિવિલ વર્ક માટે પણ આગામી મહિનામાં ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ જશે. ચાર પાંચ મહિનામાં પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે. આ સંજોગોમાં હાઈકોર્ટે ખેડૂતોને યોગ્ય રાહત આપી ન્યાય આપવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, એનએચઆરસીએલ (નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ.)ના ડાયરેકટર મુજબ, મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મિનલ(સીએસટી)થી અમદાવાદના સાબરમતી જંકશનના ૫૦૯ કિ.મી. સુધી દોડનારી બુલેટ ટ્રેનનો કુલ ખર્ચ રૂ.૧ લાખ કરોડથી વધુ થશે. જેમાં જમીન સંપાદીત કરવા માટે રૂ. ૧૭૦૦૦ કરોડ ખર્ચવામાં આવ્યા છે.

બુલેટ ટ્રેનના રૂટમાં ગુજરાતમાં ૧૫૮ ગામોની જમીન સંપાદીત કરવામાં આવી છે, જેમાં ૧૫ થી વધુ ગામની જમીનમાં જ જંત્રીના ભાવને લઈ વિવાદ સર્જાયો હતો. જેથી આ ગામના ખેડૂતોએ ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી મારફતે જમીન સંપાદનની પ્રક્રિયાને પડકારી હતી. જો કે, હાઈકોર્ટે ખેડૂતોને કંઈ ખાસ રાહત આપી ન હતી અને તેમની ચાર ગણું વળતર માંગતી પિટિશન ફગાવી દીધી હતી. બુલેટ ટ્રેન માટે જમીન સંપાદનને લઈને હાઈકોર્ટના ચુકાદા પર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ હતી. હાઈકોર્ટ દ્વારા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં જમીન માલિકો દ્વારા દાખલ કરવામાં આવેલી ૫૯ જુદીજુદી અરજીઓ ઉપર હાઈકોર્ટ દ્વારા આજે ચુકાદો આપવામાં આવ્યો હતો. આ ચુકાદાને લઈને ખેડૂતોને ફટકો પડ્યો છે.

સુનાવણી પૂર્ણ થયા બાદ ખેડૂતો અને રાજ્ય સરકારોએ પોતપોતાની રજૂઆતો કોર્ટમાં ચાર્ટરુપે રજૂ કરી હતી. ખેડૂતો દ્વારા રાજ્ય સરકાર દ્વારા જે રકમની ઓફર કરવામાં આવી તેના કરતા અનેકગણી રકમની માંગ કરી રહ્યા હતા. હાઈકોર્ટ સમક્ષ દાવો કરવામાં આવ્યો હતો કે, વર્તમાન માર્કેટ મુજબ વળતર મળવું જોઈએ. ૨૦૧૧માં નક્કી કરવામાં આવેલા જંત્રીના રેટ મુજબ વળતરની રકમ મળવી જોઈએ નહીં